આકાશવાણી ભુજ

સમાચાર વાચક: નેહલ ઠક્કર

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારીખ:-૦૨-૧૦-૨૦૨૩ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## રાષ્ટ્રપિતા -જન્મજયંતિ

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની આજે 154 મી જન્મ જયંતી નિમિતે સમગ્ર રાષ્ટ્રની પ્રજા એમને ભાવ વંદના કરી રહી છે. આજનો દિવસ વિશ્વ સ્તરે વિશ્વ અહિંસા દિવસ તરીકે મનાવાય છે. ભારતમાં આ દિન સર્વોદય દિન તરીકે મનાવવામાં આવે છે. આજે ગાંધીજીની જન્મ ભૂમિ પોરબંદરનાં કીર્તિ મંદિર ખાતે વિશેષ પ્રાર્થના સભા યોજાશે.જેમા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહેશે. પાટનગર દિલ્હીમાં ગાંધીજીની સમાધિ રાજઘાટ ખાતે સર્વધર્મ પ્રાર્થના યોજાશે. ગાંધીજીની કર્મભૂમિ અમદાવાદનાં સાબરમતી આશ્રમ ખાતે પણ વિશેષ કાર્યક્રમ યોજાશે.

કચ્છમાં વિવિધ સ્થળે રાષ્ટ્રપિતાને પુષ્પાંજલિ અર્પણ થશે. ભુજમાં હમીરસર કિનારે ગાંધીજીની પ્રતિમાને હારારોપણ કરાશે. અને આ સ્થળે ગાંધીજીવન પરીક્ષા યોજાશે. આજથી ખાદી વેચાણ પર વળતર આપવાનું શરૂ થશે.

પઢણીભાઈ

---

## લાલ બહાદુર શાસ્ત્રી - જન્મજયંતિ

દેશના બીજા પ્રધાનમંત્રી લાલ બહાદુર શાસ્ત્રીની આજે જન્મ જયંતી મનાવવામાં આવી રહી છે. ભુજમાં તેમની પ્રતિમને પુષ્પાંજલિ અર્પણ કરાશે.

પઢણીભાઈ

-----------------------------------------------------------------------------

## આકાશવાણી ભુજ - સ્થાપનાદિન

આકાશવાણી ભુજનો આજે 58મો સ્થાપના દિન છે. પૂરા 58 વર્ષ પહેલાં 1965ની બીજી ઓકટોબરે પ્રાયોગિક ધોરણે આકાશવાણી ભુજ કેન્દ્રનો આરંભ થતાં કચ્છમાં પ્રસારણ સેવા ક્ષેત્રે મહત્વનાં પગરણ મંડાયા હતા. 10 મીએ તે સમયનાં કેન્દ્રના માહિતી અને પ્રસારણ મંત્રી શ્રીમતી ઇન્દિરા ગાંધીનાં ધ્વનિ મુદ્રિત સંદેશ સાથે આ કેન્દ્રનો વિધિવત આરંભ થયો હતો. આજે ગુજરાતી કચ્છી હિન્દી એમ વિવિધ ભાષાઓમાં વિવિધ કાર્યક્રમો પ્રસારિત થાય છે. ભુજમાં આકાશવાણી ઉપરાંત એફ. એમ પ્રસારણ સેવા પણ કાર્યરત થઇ છે.

પદ્દણીભાઈ

-----------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી - મોટા યક્ષનો મેળો

કચ્છમાં સહુથી મોટા એવા નખત્રાણા તાલુકામાં આવેલ મોટા યક્ષનાં સ્થાનકે ગઈ સાંજ થી મેળો શરૂ થયો છે. રાત્રિ દરમ્યાન મોટી સંખ્યામાં લોકોએ મેળાની મોજ માણી હતી. આજે સવારે મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલ મેળાને 10 વાગ્યે વિધિવત રીતે ખુલ્લો મૂકશે. આ મેળો ચાર દિવસ ચાલશે.

પદ્દણીભાઈ

-----------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી – સ્વચ્છતા અભિયાન

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગઈકાલે તેમના મતવિસ્તાર ઘાટલોડિયા ખાતે સ્વચ્છતા અભિયાનમાં સહભાગી થયા હતા. જે અંતર્ગત ઘાટલોડિયા મતક્ષેત્રના વિવિધ વિસ્તારોમાં સ્વચ્છતા કાર્યમાં જોડાઈને શ્રમદાન કર્યું. આજે ગાંધી જયંતી છે, ત્યારે સામુહિક શ્રમદાનથી શેરી, મહોલ્લા, જાહેર સ્થળોને સ્વચ્છ કરી પૂજ્ય બાપુને સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ તેમ તેમણે જણાવ્યું હતું. ઉપરાંત સ્વચ્છ સ્થળોની સ્વચ્છતા જાળવી રાખવાની પણ સૌને અપીલ કરી હતી.

---

# ધોળાવીરા- સ્વચ્છતા અભિયાન

ગામડાઓ કચરા મુક્ત બને તે માટે "સ્વચ્છતા હી સેવા ૨૦૨૩" પ્રોગામ અંતર્ગત સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ શાખા દ્વારા વિવિધ સ્વચ્છતાના કાર્યક્રમ કરવામાં આવી રહ્યા છે. ત્યારે કચ્છ જિલ્લામાં ખડીર બેટ ખાતે પુરાતત્વીય સ્થળ તરીકે જાહેર થયેલા વિશ્વ વિરાસત ધોળાવીરા ગામમાં "એક તારીખ, એક કલાક" મહાશ્રમદાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાર્બેજ ફ્રી ઇન્ડિયાની થીમ સાથે ગ્રામજનોએ ગામના જાહેર સ્થળોની, રસ્તાઓની સફાઈ કરી હતી. પ્રવાસનને વેગ મળે અને ગામની સ્વચ્છતા જળવાઇ રહે તે માટે ગામના લોકોએ સ્વચ્છતાના શપથ પણ લીધા હતા.

નેહલ ઠક્કર

---

# કોઠારા- ખાદી ગ્રામોધોગ

કોઠારામાં પાંચ એકરમાં ફેલાયેલાં કચ્છ ખાદી ગ્રામોદ્યોગ સંઘનું વાર્ષિક ટર્નઓવર એક કરોડનું થયું છે. જિલ્લામાં તેના પાંચ કેન્દ્ર કાર્યરત છે. આજથી આ તમામ કેન્દ્રો ઉપર ડિસેમ્બર મહિના સુધી 40 ટકા વળતર ખાદીની ખરીદી ઉપર અપાશે. કોઠારા ખાદી ગ્રામોદ્યોગ સંઘની મુખ્ય શાખા કોઠારામાં છે, જ્યારે તેનાં પેટા કેન્દ્રો નખત્રાણા, વાંકુ, નલિયા, ગઢશીશા અને ભુજમાં કાર્યરત છે.

કચ્છ ખાદી કેન્દ્ર અંગે સંઘના મંત્રીએ જણાવ્યું હતું કે, આરીખાણા ગામમાં આ સંસ્થાનું ચરખા અને સૂતર ઉત્પાદન કેન્દ્ર આવેલું છે, તો ગઢશીશામાં સાબુ, મસાલાનું ઉત્પાદન થાય છે.

નેહલ ઠક્કર

---

RNU BHUJ

# વન્ય પ્રાણી સપ્તાહ

રાજ્યમાં  આજ થી 8 ઓકટોબર દરમિયાન 33 જિલ્લા અને 250 તાલુકાઓમાં 'વન્ય પ્રાણી સપ્તાહ'ની  ઉજવણી કરાશે. ત્યારે વન વિભાગ દ્વારા સ્વછતા અભિયાનના સંદેશ સાથે 'વન્ય પ્રાણી સપ્તાહ'ની ઉજવણી કરાશે.

વન્યપ્રાણી સપ્તાહ દરમિયાન વન્યજીવોનું મહત્વ સમજાવાશે. તેમજ રાજયના તમામ અભ્યારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાનોના વિસ્તારને 100 ટકા પ્લાસ્ટીક મુકત બનાવવાનું અભિયાન હાથ ધરાશે.

નેહલ ઠક્કર

---

# રોજમદારોના રોજમાં વધારો

કચ્છ જિલ્લાની સરકારી તેમજ ખાનગી કંપનીઓ, દુકાન વાણિજ્યની અંદર કામ કરતા રોજમદારોના દૈનિક દરમાં રૂપિયા 21 જેટલો વધારો લઘુતમ વેતન ધારા હેઠળ થયો હોવાનું કચ્છ જિલ્લા મજદૂર વિકાસ મંચની યાદીમાં જણાવાયું છે. રોજમદારોને રૂપિયા 21નો વધારો ગઈકાલથી લાગુ પડશે.

નેહલ ઠક્કર

---

RNU BHUJ